For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

RBIના CH એપ્લિકેશન પર પ્રતિબંધથી ત્રણ દિવસથી ટેક્સટાઇલ, ડાયમંડ, જરી, બાંધકામ ઉદ્યોગનો કરોડોનો વેપાર અટવાયો

# સુરત સહિત રાજ્યની 190 બેંકનો ડિજિટલ નાણાકીય વ્યવહાર ઠપ્પ

**RTGS, NEFT, UPI અને IMPS સહિતની ડિજિટલ ટ્રાન્ઝેક્શન સેવા પર પ્રતિબંધ સાથે સહકારી બેંકોમાં હજારો ચેકોનો ઢગલો**

સુરતઃ સુરતની મોટાભાગની સહકારી બેન્કો સહિત ગુજરાતની 190 મળી દેશની 354 બેંકોમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન હજારો ચેકનો ભરાવો થયો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ TCS ગ્રુપની પેટા કંપની CHની એપ્લિકેશન પર પ્રતિબંધ મુક્તા CHનાં સોફ્ટવેરનો ઉપયોગ કરનાર સુરત સહિત રાજ્યની 190 બેન્કનો બેંક વ્યવહાર ખોરવાયો છે. CH સામે રિઝર્વ બેન્કે ગેરરીતિ કર્યાનો આક્ષેપ મૂકી એની ઓપરેશનલ સિસ્ટમ પર પ્રતિબંધ મુક્તા સુરતની બે સૌથી મોટી સહકારી બેંક સહિત 15 જેટલી બેંકમાં ત્રણ દિવસથી હજારો ચેક પાસ થયા વિના પડી રહ્યાં છે. કારણ કે,NPCI એ CH કંપનીની સોફ્ટવેર સિસ્ટમને જ બ્લોક કરી દીધી છે. સુરત સહિત ગુજરાતની190 બેન્કો અને એની 700થી વધુ શાખાઓ CH કંપનીના સોફ્ટવેરનો ઉપયોગ ડિજિટલ ટ્રાન્જેક્ષન માટે કરે છે. સુરતની સહકારી બેંકોમાં હજારો ચેકોનો ઢગલો, RTGS, NEFT, UPI અને IMPS સહિતની ડિજીટલ ટ્રાજેકશન સેવા પર પ્રતિબંધ લાંબો ચલ્યો તો બેન્કોની હાલત કફોડી થશે. સહકારી બેન્કોને બિઝનેસ પ્રાઈવેટ બેન્કો લઈ રહી છે.



### TCS ગ્રુપની કંપની CH પર ગેરરીતિનો RBIનો આરોપ, CHનાં સોફ્ટવેરનો ઉપયોગ કરતી બેન્કો ભેરવાઈ ગઈ

બેન્કિંગ સેક્ટરનાં નિષ્ણાત આ આખો મામલો સમજાવતા કહે છે કે, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ TCS ગ્રુપની પેટા કંપની CHની એપ્લિકેશન પર પ્રતિબંધ મુક્તા CHનાં સોફ્ટવેરનો ઉપયોગ કરનાર સુરત સહિત રાજ્યની 190 બેન્કનો બેંક વ્યવહાર ખોરવાયો છે. CH સામે રિઝર્વ બેન્કે ગેરરીતિ કર્યાનો આક્ષેપ મૂકી એની સેવાઓ બ્લોક કરતા સોફ્ટવેર પર ઓનલાઇન ડિજીટલ ટ્રાંજેકશન કરનાર બેન્કો ભેરવાઈ છે. બેંકોમાં જમા થતાં ચેકો પડી રહ્યાં છે. બેંકમાં ત્રણ દિવસથી હજારો ચેક પાસ થયા વિના પડી રહ્યાં છે. કારણ કે, NPCI એ CH કંપનીની સોફ્ટવેર સિસ્ટમને જ બ્લોક કરી દીધી છે. કોઈપણ કામ માટે ડિજીટલ પેમેન્ટ થઈ રહ્યું નથી. માત્ર ઇન્ટરનલ ટ્રાંજેકશન બ્રાન્ચ ટુ બ્રાન્ચ થઈ રહ્યા છે. ત્રણ દિવસથી બેન્કો રોકડ જમા લઈ રહી છે અને ખાતેદારોને 50,000ની મર્યાદામાં આપી રહી છે.

ડિજીટલ ટ્રાજેકશન પર પ્રતિબંધથી સુરતનો ટેક્સટાઈલ, જરી,ડાયમંડ,બાંધકામ અને રિટેલ સેક્ટરને મોટી અસર થઈ છે. બેન્કો એક લિમિટથી વધી રોકડ રકમ ઉપાડવા દઈ રહી નથી. CH કંપની UPI થકી ફાસ્ટેગ સેવા પણ આપે છે. આ કંપનીની OSTA ચેનલ થકી બેન્કો NPCI (National Payments Corporation of India) સાથે જોડાયેલી છે. એને લીધે ગ્રાહકો NEFT, RTGS સહિતની ઓનલાઈન ડિજીટલ સેવાઓ થકી પેમેન્ટની હેરફેર કરી શકતી નથી. NPCI પાસે ચેક પાસ કરાવી શકિત નથી એને લીધે હજારો ગ્રાહકો

...અનુસંધાન પાના 9 પર

### સરકાર ખાતેદારોના રૂપિયા સુરક્ષિત છે, તેવી બાંયધરી આપે અને જલ્દીથી સ્થિતિ યથાવત કરે: કોંગ્રેસ

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંક અને તેમની સાથે સંકળાયેલી 13 જેટલી જીલ્લા બેંકો અને 150 જેટલી અર્બન બેંકોના સમગ્ર ડિજિટલ વહેવારો છેલ્લા ત્રણ દિવસથી અટકી ગયા છે. જેમાં 5,000 કરોડથી વધુના વ્યવહારો અટકાયા છે. છતાં હજી સુધી આ બેંકોના સત્તાધીશોએ કોઈપણ જાતનો ખુલાસો કર્યો નથી, તેથી રાજ્ય સરકાર ખાતેદારોના રૂપિયા સુરક્ષિત છે, તેવી બાંહેધારી આપે અને જલ્દીથી સ્થિતિ યથાવત કરે, તેવી માગણી પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે કરી છે.

બુધવાર મધરાતથી ગુજરાત ગેસનો CNGનો નવો ભાવ 76.26

# લોકો પર ફરી બોજો, CNGના ભાવમાં કિલોએ ફરી એક રૂપિયાનો વધારો

**એક વર્ષમાં નેચરલ ગેસના ભાવો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં 11.1% ઘટ્યા, છતાં 25 દિવસમાં CNGના ભાવ બીજી વખત વધાર્યા**

**કારમી મોંઘવારીમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના 4.21 લાખ CNG વાહન માલિકોને ભાવવધારાની અસર થશે**

સુરત : ગુજરાત સરકાર હસ્તકની GSPC ગ્રુપની કંપની ગુજરાત ગેસ લિમિટેડએ સુરત સહિત દક્ષિણ ગુજરાતનાં ગેસ માર્કેટ મોનોપોલીનો નફાખોરી સ્વરૂપે લાભ લેવા CNG (કોમ્પ્રેસ્ડ

...અનુસંધાન પાના 9 પર

### 1 સુરત સહિત દક્ષિણ ગુજરાતના CNG ગ્રાહકોને ખંખેરી ગુજરાત ગેસ 2 વર્ષમાં 200 નવાં ગેસ સ્ટેશન ઊભાં કરશે

તા. 1લી માર્ચ 2023નાં રોજ ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન (FGPDA) એ જાહેર કરેલા આંકડાઓ મુજબ, રાજ્યમાં CNG પર ચાલતી સાર્વજનિક પરિવહન બસો અને માલસામાનની ગાડીઓ જેવા કોમર્શિયલ વાહનો મળી લગભગ 12 લાખ CNG વાહનો છે. જેમાં 4 લાખ CNG ઓટોરિક્ષા અને લગભગ 6 લાખ ફોર-વ્હીલરનો સમાવેશ થાય છે. કંપની સુરત સહિત દક્ષિણ ગુજરાતના CNG ગ્રાહકોને ખંખેરી ગુજરાત ગેસ 2 વર્ષમાં 200 નવા ગેસ

...અનુસંધાન પાના 9 પર

### ગુજરાત ગેસની નફાખોરી અટકાવવા પ્રાઇઝ કંટ્રોલ ઓથોરિટી બનાવવા લડત ચલાવીશું: દર્શન નાયક

ગુજરાત કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે જણાવ્યું હતું કે, ઇન્ટરનેશનલ માર્કેટમાં નેચરલ ગેસના ભાવો સતત ઘટયા છે. ગુજરાત ગેસ કંપનીએ 2024નાં ક્વાર્ટરમાં 409 કરોડનો નફો કર્યો છે. ત્યારે ભાવો ઘટાડવાને બદલે વધારવાનો નિર્ણય કરી ગુજરાત સરકાર સુરત સહિત દક્ષિણ ગુજરાતનાં લાખો ગ્રાહકોને લૂંટવા માંગે છે. 25 દિવસમાં બે વાર એક-એક રૂપિયા ભાવ વધારવાની આ ઉઘાડી લૂંટનો અમે વિરોધ નોંધાવીએ છીએ. ગ્રાહકોને સાથે રાખી કંપનીની ઉઘાડી

...અનુસંધાન પાના 9 પર

# આખરે સુરતને GST ટ્રિબ્યુનલની બેન્ચ મળી, દક્ષિણ ગુજરાતના કરદાતાઓને રાહત

**અપીલના કેસોમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના કરદાતાઓને હાઇકોર્ટ સુધી લાંબા થવું નહીં પડે, સીએ મીતિશ મોદી**

**દાદરા નગર હવેલી અને દમણના વિસ્તારનો પણ સુરત GST ટ્રિબ્યુનલ વિસ્તારમાં ઉલ્લેખ કરાયો**

સુરતઃ કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયે તા.31.07.2024 ના રોજ GST સ્ટેટ બેન્ચનું નોટિફિકેશન જાહેર કર્યું છે. એમાં સુરતમાં GST ટ્રિબ્યુનલ શરૂ કરવાની માંગણી સરકારે સ્વીકારી લીધી છે. ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટીસનર્સનાં વેસ્ટર્ન રીજ્યનનાં પૂર્વ પ્રમુખ અને શહેરના જાણીતા સીએ.મીતિશ મોદીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ગુજરાતને બે બેન્ચ સુરત અને અમદાવાદ જાહેર કરી છે. જ્યારે રાજકોટમાં એક સિટીંગ/સર્કિટ બેન્ચ જાહેર કરી છે. GSTમાં અપીલના કેસો GST કમિશનરેટ સામે નારાજ થઇ કરદાતા ન્યાય મેળવવા ગુજરાત હાઇકોર્ટ સુધી જતો હતો પણ હવે આખરે સુરતને ફુલફ્લેજ GST ટ્રિબ્યુનલ મળતાં અપીલના કેસોમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનાં કરદાતાઓને હવે હાઇકોર્ટ સુધી લાંબા થવું નહીં પડે, રાજકોટમાં સિટીંગ/સર્કિટ બેન્ચ જાહેર કરી છે એ જોતાં ત્યાં અમદાવાદથી ઓનલાઇન કેસો ચાલી શકે અથવા વીકમાં રાજકોટ કેમ્પ રાખી સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના કેસો ચાલી શકે એવું લાગે છે.

નોટિફિકેશનમાં દાદરા નગર હવેલી અને દમણ વિસ્તારનો પણ સુરત GST ટ્રિબ્યુનલ વિસ્તારમાં ઉલ્લેખ કરાયો હોવાનું જણાય છે. શક્યતા છે કે ભરૂચથી વાયા ઉમરગામ સંઘપ્રદેશ સુધીનું ક્ષેત્ર સુરત ટ્રિબ્યુનલમાં હોય શકે છે. જો એવું થશે તો આખા સાઉથ ગુજરાતની ઇન્ડસ્ટ્રીઝ અને કરદાતાઓને અપીલના કેસોમાં અમદાવાદ સુધી લાંબા થવાથી છુટકારો મળી શકે છે. સીએ. મિતીશ મોદી એ વધુમાં જણાવ્યું

...અનુસંધાન પાના 9 પર

**સ્પાન નમી રહ્યા હતા તો આવી સ્થિતિમાં નિરીક્ષક ટીમ ક્યાં હતી?**

**રસ્તા ડાયવર્ટ થતાં હજારો વાહનચાલકોને હાલાકી**

**ત્રણ દિવસમાં કામ પૂર્ણ થશે, દિલ્હી અને મુંબઈથી એક્સપર્ટની ટીમો બોલાવાઈ**

# મેટ્રોનો સ્પાન ફાટવાના પ્રકરણમાં ઈજારદારને નોટિસ

સુરતઃ મંગળવારે મેટ્રો પ્રોજેક્ટના સારોલીથી ભેંસાણ રૂટ પર સારોલી નજીક સ્પાનના એક સેગમેન્ટમાં તિરાડ પડી હોવાથી અફરાતફરી મચી હતી. જો કે, સમયસર જાણ થઈ જતાં કોઈ દુર્ઘટના ઘટી નથી. પરંતુ હવે સ્પાન નીચે ઉતારી ફરીથી ગોઠવવામાં ત્રણ દિવસ લાગે તેમ હોવાથી ભરચક ટ્રાફિકથી ધમધમતા આ રોડનો ટ્રાફિક અન્ય રસ્તા ઉપર ડાયવર્ટ થતાં ભારે

...અનુસંધાન પાના 9 પર



(તસવીર : હેમંત ડેરે)

### સ્પાન ફાટી જતાં રસ્તો ડાયવર્ટ કરાયો: ડાયવર્ઝનના કારણે કડોદરા પહોંચતા કલાક થાય છે

મેટ્રોના બ્રિજની કામગીરીમાં ખામી સર્જાઇ એ સંદર્ભે ટ્રાફિક નિયમનની સરળતા માટે રૂટ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. પરવટ પાટિયાથી કડોદરા જતો ટ્રાફિક પરવટ પાટિયાથી પૂણા-સારોલી કેનાલ રોડ અને આઉટર રિંગ રોડ થઇ નિયોલ ચેકપોસ્ટ તરફ ડાયવર્ટ કરાયો છે. કડોદરાથી પરવટ પાટિયા તરફ જતો ટ્રાફિક સરોલી ગામ અને કુબેરજી માર્કેટ તરફ ડાયવર્ટ કરાયો છે. દરમિયાન સુરતના સહરા દરવાજા વિસ્તાર ખાતેથી આવતાં વાહનોને પરવટ પાટિયાથી અટકાવી દેવામાં આવી રહ્યાં છે. જેથી સહરા દરવાજા ખાતેથી

...અનુસંધાન પાના 9 પર

### ઈજારદાર પાસે મંગાયેલા ખુલાસા

■ કેબલનું દબાણ કેવી રીતે વધ્યું અને તેને ને સમયસર નિયંત્રિત કેમ ન કરી શક્યા? ■ લોન્ચર ઓપરેટરે દબાણ વધારવા અને ઘટાડવાના માપદંડનું પાલન કેમ કર્યું નથી? ■ સેગમેન્ટમાં નાંખવામાં આવેલા કેબલ યોગ્ય હતા કે નહીં? ■ કેબલ કેવી રીતે વિસ્થાપિત થયો? ■ દબાણ વધતું હતું તો આવી સ્થિતિમાં નિરીક્ષક ટીમ ક્યાં હતી?

### મેટ્રોના અન્ય રૂટ પર શું શું પગલાં લેવાયાં?

■ પ્રોજેક્ટની બંને લાઇનમાં સાવચેતી ખાતર તપાસ શરૂ કરાઈ ■ બંને રૂટ પર તમામ સ્થળોના હાઇડ્રોલિક કેબલની તપાસ કરવાનો આદેશ ■ ટેન્ડર ધરાવતી તમામ કંપનીઓને સ્ટ્રેન્થ રિપોર્ટ મોકલવાનો આદેશ

# ઉપરવાસમાં વરસાદને પગલે ઉકાઈ ડેમની સપાટી 12 જ કલાકમાં 2 ફૂટ વધી

**ઉકાઇ ડેમની સપાટી 326.17 ફૂટ પર પહોંચી ગઈ, રૂલ લેવલ 331 ફૂટનું છે**

**હથનુર અને પ્રકાશાથી સતત પાણી છોડાતાં ઉકાઇમાં ધસમસતા પાણી ભરાવા માંડ્યા**

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે વરસાદે ઉઘાડ આપ્યો છે. જેના પગલે ફરી તાપમાનનો પારો ઉપર આવ્યો હતો. પરંતુ ઉકાઈમાં સતત વરસાદી પાણી આવતા 12 કલાકમાં ડેમની સપાટી 2 ફૂટ વધી જવા પામી છે.

સુરત શહેર અને જિલ્લામાં સતત વરસાદ વાદળો ઘેરાવા લાગ્યા હતા. પરંતુ વિતેલા બે દિવસથી વરસાદે દેખા દીધી નથી. જેને પગલે સુરત શહેર અને જિલ્લામાં ઉઘાડ નીકળ્યો

...અનુસંધાન પાના 9 પર



**વરસાદના આંકડા**

| | |
|---|---|
| લખપૂરી | 1.5 ઈંચ |
| દેડતલાઇ | 1 ઈંચ |
| કરણખેડ | 1 ઈંચ |
| ગોપાલખેડા | 1 ઈંચ |
| ભુસાવલ | 0.5 ઈંચ |

### ઉકાઇ ડેમની સપાટી 12 કલાકમાં 2 ફૂટ વધી


સુરત શહેર અને સમસ્ત દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સીઝનમાં ધબકારા વધારી દેનારા ઉકાઇ ડેમમાં ધીરેધીરે પાણી ભરાવા માંડયા છે. ઉકાઇ ડેમના ઉપરવાસમાં સતત વરસાદ નોંધાઇ રહ્યો છે. જેને કારણે ડેમમાં ઉપરવાસમાંથી ધસમસતા પાણી આવી રહ્યાં છે. ડેમના ઉપરવાસની વાત કરીએ તો ઇન્ફ્લો 92321

...અનુસંધાન પાના 9 પર

### ઉકાઇ ડેમમાં થયેલા વોટર ઇનફ્લો ડેટા

| સમય | ક્યુસેક્સ |
|---|---|
| મંગળવારે રાત્રે 10.00 | 119690 |
| મંગળવારે રાત્રે 12.00 | 119690 |
| બુધવારે સવારે 6.00 | 119690 |
| બુધવારે સવારે 8.00 | 131756 |
| બુધવારે સવારે 10.00 | 144901 |
| બુધવારે બપોરે 12.00 | 157948 |
| બુધવારે બપોરે 2.00 | 157948 |
| બુધવારે બપોરે 4.00 | 144803 |
| બુધવારે સાંજે 6.00 | 92321 |
| બુધવારે રાતે 8.00 | 79274 |
| બુધવારે રાતે દસ | 105466 |

સેતુ એ જ સહકારથી સમૃદ્ધિનો
ધી રાંદેર પીપલ્સ કો. ઓ. બેંક લિ.
Since 1st August 1923
નવા સ્વપ્ન, સોપાનના સંકલ્પ સાથે 102 વર્ષના ઉંબરેથી
માનવંતા ગ્રાહકો માટે આ ખાસ અવસરે વિશિષ્ટ બહુવિધ યોજનામાં
વાહન લોન ૯% થી ૧૦%
ગોલ્ડ લોન ૮.૧૫%
સોલાર રુફ લોન ૧૦% થી ૧૦.૩૦%
"સોલાર રુફ લોન" પણ અમલમાં
: સહારા દરવાજા બ્રાંચ : ન્યુ બોમ્બે માર્કેટ, એ-૨૩૨, ઉમરવાડા, સુરત-બારડોલી મેઈન રોડ, સુરત. ફોન : ૦૨૬૧-૨૩૨૩૬૪૧, ૨૩૩૫૨૧૮, ૯૪૦૮૭ ૩૧૫૦૨
: મુખ્ય કચેરી : ઉમડ ફળીયા, બોટાવાલા માર્ગ, રાંદેર, સુરત. ફોન : ૦૨૬૧-૨૭૬૫૫૯૫૧, ૨૭૬૨૬૨૨

શ્રદ્ધાંજલિ

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી, કરૂણતા જેમનાં હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતી, કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો, આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા. પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. મહેન્દ્રભાઈ રામચંદ્ર દેસાઈ
સ્વ. તા.૨૪/૦૭/૨૦૨૪

લી
સદવિચાર સેવાટ્રસ્ટ પલસાણા
તા. પલસાણા, જી.સુરત



દુઃખદ અવસાન / બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી **રક્ષાબેન મનહરભાઈ પટેલ**નુ દુઃખદ અવસાન તા. ૨૮-૭-૨૦૨૪ના રોજ થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું / પ્રાર્થનાસભા
તા. ૨-૮-૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ કલાકે રાખેલ છે.
સત્ પંથ પૂજા : તા. ૦૩.૦૮.૨૦૨૪ શનિવારનાં રોજ બપોરે ૪.૦૦ કલાકે
લૌકિક રિવાજ સદંતર બંધ છે

સ્વ. રક્ષાબેન મનહરભાઈ પટેલ
જન્મ. તા. ૦૧.૦૬.૧૯૫૬
સ્વ. તા. ૨૮.૦૭.૨૦૨૪

લિ.
સ્વ. મનહરભાઈ પરભુભાઈ પટેલ
સ્વ. નંદુબેન પરભુભાઈ પટેલ — સ્વ. પરભુભાઈ જસમતભાઈ પટેલ
રમીલાબેન કાંતિભાઈ પટેલ — કાંતિભાઈ પરભુભાઈ પટેલ
બેલાબેન છોટુભાઈ ડાઈવર — છોટુભાઈ પરભુભાઈ ડાઈવર
રેખાબેન જયંતિભાઈ ડાઈવર — જયંતિભાઈ પરભુભાઈ ડાઈવર
સ્વ. ગોપાલ મનહરભાઈ પટેલ ( પુત્ર )
ડૉ. મીનલ ચિરાગભાઈ કોન્ટ્રાકટર (પુત્રી) — ચિરાગભાઈ કીર્તીભાઈ કોન્ટ્રાકટર (જમાઈ)
રવિશ મનહરભાઈ પટેલ (ગલુ) (પુત્ર) — શીતલ રવિશભાઈ પટેલ
કારા રવિશ પટેલ (દોહિત્રી) — રીષી ચિરાગભાઈ કોન્ટ્રાકટર (દોહિત્ર)
રમેશભાઈ દલુભાઈ પીઠાવાલા — શિરીષભાઈ દલુભાઈ પીઠાવાલા
તથા સમસ્ત પરિવાર
પિયર પક્ષનું સંયુકત બેસણું આ જ જગ્યાએ રાખેલ છે.
બેસણાનું સ્થળ : મહિડા ભવન, એસ.વી.એન.આઈ.ટી.ની સામે, ઉમરા, નીલમ સોસાયટી, અઠવા, સુરત, ગુજરાત-૩૯૫૦૦૭. મો. ૯૬૮૭૩ ૭૨૧૬૦.



૨૩મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જીવન પર્યંત તનતોડ મહેનત કરી
સુખ - દુઃખમાં હસતા રહ્યા,
દુઃખથી કદી ડગ્યા નહીં,
ધર્મ કદી ભૂલ્યા નહીં,
વૃક્ષ બની છાયા આપનારા રહ્યા,
તમારો પરોપકારી, મિલનસાર,
સેવાભાવી સ્વભાવ
સદાય અમને માર્ગ ચીંધતો રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના....

સ્વ. તુલસીદાસ મગનલાલ ગાંધી (ઢોલાવાલા)
સ્વ. તા. ૦૧/૦૮/૨૦૦૧

સ્વ. તારાબેન તુલસીદાસ ગાંધી
ભરતભાઇ તુલસીદાસ ગાંધી (પુત્ર) - રેખાબેન ભરતભાઇ ગાંધી (પુત્રવધુ)
પ્રકાશભાઇ તુલસીદાસ ગાંધી (પુત્ર) - મીનાબેન પ્રકાશભાઇ ગાંધી (પુત્રવધુ)
અનિલભાઇ તુલસીદાસ ગાંધી (પુત્ર) - આશાબેન અનિલભાઇ ગાંધી (પુત્રવધુ)
ચંદ્રકાંતભાઇ રતિલાલ મહેતા (જમાઇ) - શીલાબેન ચંદ્રકાંતભાઇ મહેતા (પુત્રી)
સ્વ.દિપકભાઇ નટવરલાલ સુરતવાલા (જમાઇ) - ગં.સ્વ.હેમાબેન દિપકભાઇ સુરતવાલા (પુત્રી)
અમીત ભરતભાઇ ગાંધી (પૌત્ર) - કેશા અમીત ગાંધી (પૌત્રવધુ)
ડેનીશ અનિલભાઇ ગાંધી (પૌત્ર) - સ્વાતી ડેનીશ ગાંધી (પૌત્રવધુ)
રાહુલ પ્રકાશભાઇ ગાંધી (પૌત્ર) - સ્વીટી રાહુલ ગાંધી (પૌત્રવધુ)
ધીર, હેલી, હેઝલ તથા સમસ્ત ન્યુ રામદેવ પરીવાર



ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન

સ્મિત ભરેલું જીવન જીવી ગયા,
સ્નેહથી સૌના હૈયામાં વસી ગયા,
આપની પ્રેમાળ છબી અમારા હૈયામાં અકબંધ રહેશે.
સમય તો વિતતો જશે પરંતુ
આપની સેવા રૂપી છાયા સદાય અમારી સાથે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના..

સ્વ. C.A. રાજેશ ગોપાલચંદ જૈન
સ્વ તા. ૦૧/૦૮/૨૦૨૦

લિ. શોકાતુર
લાડકુમારી ગોપાલચંદ જૈન — પ્રમિલા જૈન (કાકી)
પ્રતિભા રાજેશ જૈન (ધર્મ પત્ની) — તારાચંદ - નીલકમલ (કાકા - કાકી)
મુકેશ-સુષમા (ભાઈ-ભાભી) — નિર્મલા (ચાચી)
રાહુલ-શાલિની (પુત્ર-પુત્રવધુ) — ધ્વની, ધ્રુવી (પૌત્રી), જીનાંશ (પૌત્ર)
મેહુલ-અમિતા (પુત્ર-પુત્રવધુ) — તથા સમસ્ત સંચેતી પરિવાર
પુનિત-નીતિ (ભત્રીજા-ભત્રીજા વધુ)
પુલકિત-અભિપસા (ભત્રીજા-ભત્રીજા વધુ)
જૈન રાજેશ એન્ડ કંપની (ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ) - સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨: છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

૧૩મી પુણ્યતિથી — શ્રદ્ધાંજલિ — ૧૪મી પુણ્યતિથી



જીવનભર કઠોર પરિશ્રમ કરીને શૂન્યમાંથી સર્જન કરી, ધાર્મિક, કર્મનિષ્ઠ, સાદગીભર્યુ નિયમિત સાદુ સરળ જીવન, ઉચ્ચ વિચારો, મજબુત મનોબળ તથા અટલ વ્યક્તિત્વ ધરાવી, કર્મને જીવન મંત્ર બનાવી પરિવારને સમૃધ્ધ બનાવનાર એવા પૂણ્યશાળી આત્મા તરફથી એમના જેવું જીવન જીવવાની પ્રેરણા મળતી રહે એવા આશિર્વાદ સતત વર્ષાવતા રહેશો.
પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એવી ભાવભીની શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના.

સ્વ. તા. ૧-૮-૨૦૧૧
સ્વ. જયંતિલાલ આર. પટેલ
માજી જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, સુરત.



સ્વ. તા. ૨૨-૮-૨૦૧૦
સ્વ. લલીતાબેન જે. પટેલ

લિ. તમારા શોકાતુર બાળકો તથા પરિવારજનો
નિવાસ સ્થાન :: ૪, પરિબ્રહ્મ સોસાયટી, વિ.-૧, સાંઈકૃપા સોસાયટીની સામે, રાંદેર રોડ, સુરત. મો. : ૯૮૨૪૧ ૪૦૮૧૫



દુઃખદ અવસાન / પ્રાર્થનાસભા

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂજ્ય માતૃશ્રી **રક્ષાબેન પ્રકાશભાઈ મારફતીયા** તા. ૩૧.૦૭.૨૦૨૪ને બુધવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે.
સદ્‌ગતની આત્માની શાંતી માટે **પ્રાર્થનાસભા** તા. ૦૧.૦૮.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાકે
ડૉ. આંબેડકર ભવન, રૂષભ ટાવર પાસે, ચોકસી વાડીની બાજુમાં, રાંદેર રોડ, સુરત.

સ્વ. રક્ષાબેન પ્રકાશભાઈ મારફતીયા
સ્વ. તા. ૩૧.૦૭.૨૦૨૪

:: શોકાતુર ::
દીગીશા ચોકસી (પુત્રી) — પ્રેમલ ચોકસી (જમાઈ)
પાયલ મોદી (પુત્રી) — આનંદ મોદી (જમાઈ)
રીનલ દેસાઈ (પુત્રી) — અપુર્વ દેસાઈ (જમાઈ)
બીમલભાઈ, હેમલભાઈ, પ્રેમલભાઈ
નિવાસસ્થાન : ૩૭, સંગના સોસાયટી, નવયુગ કોલેજની પાછળ, રાંદેર રોડ, સુરત.



અગીયારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી,
હરહંમેશા હેતની લાગણી સહેજ વિસરાતી નથી,
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરાતી રહેશે,
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ કંથારીયા પરિવારની પ્રાર્થના...

સ્વ. મહેશભાઈ હરકીશનદાસ કંથારીયા
જન્મ તા.૧૯/૦૩/૧૯૫૨
સ્વ.તા.૦૧/૦૮/૨૦૧૩

લિ.
ગં.સ્વ.ગીતાબેન મહેશભાઈ કંથારીયા
દેવીન્દ્રા, દિવ્યાંશી, રીતીશા, વંશિકા,વાણી, ગ્રેશી આદિત્ય, ગ્રીશા
તથા સમસ્ત કંથારીયા પરિવાર